**અમદાવાદના મહેરબાન એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નંબરઃ ર સમક્ષ.**

| **ફોજદારી કેસ નં.૧૬૬/૧૬** |
|---|
| **આંક.૧ અન્વયે હુકમ** |

ફરીયાદી :– શ્રી સરકાર

**વિરુધ્ધ**

આરોપી / ઓ :– બીપીન મોહનલાલ રાવત, ડાહયાભાઈ સોમાભાઈ

**<u>ચુકાદો</u>**

/૧/. સદર કામનું કેસ રેકર્ડ આજ રોજ સ્પેશયલ સીટીંગ દરમ્યાન હાથ પર વંચાણે લીધું. કેસની સમગ્ર હકીકત વંચાણે લેતા આરોપી(ઓ)એ પ્રોહી.એકટ કલમ–૬૬બી, ૬૫ઈ મુજબનો ગુનો આચરેલ હોય તે અંગે ફરીયાદીએ ધોરણસરની ચાર્જસીટ અદાલતમાં દાખલ કરતા , આરોપી(ઓ) વિરુધ્ધ આ અદાલતે સદર ગુનાનો સમન્સ જારી કરવાનો હુકમ કરેલ.

/ર/. આમ, સદર કામે આરાપી(ઓ)ને પ્રોસેસ બજાવવા પુરતા પ્રયત્નો કરવા છતા આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકેલ નહી તેમજ તમામ પ્રયત્નો કરવા છતા આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિીત કરી શકાતી નથી. ફરીયાદીને પ્રોસેસ કાઢી બજવણી અર્થે સોપવામા આવેલા તેમજ તેઓને આરોપીને કોઈ પણ રીતે શોધી તેઓના નવા સરનામા અત્રેની અદાલત સમક્ષ રજૂ કરવા જણાવવામા આવેલ તથા હાલના સોપેલ પ્રોસેસ આરોપીને બજવણી કરી અત્રેની અદાલતને પરત કરવા આપવામાં આવેલ. પ્રસ્તુત કેસમાં પ્રોસેસની બજવણી કરવા પૂરતા અને તમામ પ્રયત્નો કરવામા આવેલ પરંતુ આરોપીને શોધી શકવામા કે સમન્સની બજવણી કરવામાં અસફળ રહેલ છે તથા તે મતલબની નોંધ કરી તેઓને સોપેલ પ્રોસેસ અત્રેની અદાલતને પરત કરેલ છે.

/૩/. ઉપરોકત હકીકત ધ્યાને લેતા તેમજ હાલનું કેસ રેકર્ડ વંચાણે લેતા પ્રસ્તુત કેસ ઘણો જ જુનો છે તથા પ્રસ્તુત કેસમાં આરોપી નજીકના ભવિષ્યમાં પણ મળી આવે કે તેની સામે ટ્રાયલ શરુ થઈ શકે તેવી કોઈ શકયતા જણાતી નથી તદઉપરાંત હાલમા અદાલતોમાં કેસોના ભરાવાનું પ્રમાણ જોવામાં આવે તો આવા પ્રકારના ડેડવુડ કેસો કે જેમા ફરીયાદ પક્ષ પોતે આરોપીને શોધી શકે તેમ નથી, અદાલત સમક્ષ તેનું કોઈ સરનામું રજુ કરી શકે તેમ નથી કે નજીકના ભવિષ્યમાં ટ્રાયલ શરુ થઈ શકે તેમ નથી તેવા કેસો ફરીયાદ પક્ષને આરોપી જયારે મળી આવે ત્યારે ફરીથી પ્રોસીકયુશન દાખલ કરવાની પરવાનગી સાથે ફેસલ કરવામા આવે તો અદાલતોમા પેન્ડીગ આવા જુના કેસોનું ભારણ ઘટી શકે તેમજ અદાલતો અસરકારક કેસો પર પુરતુ ધ્યાન આપી શકે.

/૪/. આ તબકકે અત્રેની અદાલતનું ધ્યાન નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ક્રીમીનલ રીવીઝન એપ્લીકેશન નંબરઃ ૬૫૬/૧૯૯૯, ગુજરાત સરકાર વિ. કે.કે.હરખાણીના કેસમા તારીખઃ ૨૨/૩/૨૦૦૦ ના રોજ આપવામા આવેલ ચૂકાદા પર જાય છે જેમા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઠરાવેલ છે કે,,

"2. The learned JMFC, Bhavnagar the case is more than six years old, the prosecution has been unable to serve the process issued in the said case against the accused nos. 10 and 11. The Court has attempted to effect the made attempts to serve them. However, so far they have remained unsuccessful in offecting service. Under the circumstances the learned JMFC directed that the trial should proceed against the accused nos. 1 to 9 and 12, and that as and when addresses of accused nos. 10 and 11 are obtained, liberty is reserved to the complainant to the file fresh complaints against them. ultimately the trial is directed to proceed as against accused nos.1 to 9 and 12.

3. On the facts and circumstances of the case find that the impugned order is completely justified, and unexceptionable. Learned counsel for the State is unable to point out as to how the impugned order would work to the prejudice of the prosecution or the complainant in any manner whatsoever. This revision is therefore, sum marily dismissed."

/૫/. ઉપરોકત તમામ હકીકતો તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ધ્યાને લેતા હાલના કેસમાં પણ જો ફરીયાદ પક્ષને જયારે આરોપી મળી આવે તેવા સંજોગોમા ફરીથી નવુ પ્રોસીકયુશન એટલે કે નવી ફરીયાદ દાખલ કરવાની પરવાનગી સાથે હાલનો કેસ ફેસલ કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાય રહે તેમ છે, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## હુકમ

**૧.** આ કામના આરોપી(ઓ) મળી આવતા ન હોય તેમજ ફરીયાદ પક્ષ આરોપીનું નવુ સરનામુ રજુ કરી શકે તેમ ન હોય તેમજ આરોપી(ઓ) સામેની ટ્રાયલ ટુંક સમયમાં શરુ થાય તેવી કોઈ શકયતા ન હોય, ફરીયાદ પક્ષને જયારે આરોપી(ઓ) તથા તેનું સરનામુ મળી આવે ત્યારે ફરીથી નવુ પ્રોસીકયુશન એટલે કે, નવી ફરીયાદ દાખલ કરવાની પરવાનગી સાથે આરોપી(ઓ) સામેની કાર્યવાહી હાલ પુરતી બંધ કરી હાલનો કેસ ફેસલ કરવા હુકમ કરવામા આવે છે.

**૨.** મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ વાહન અંગે અગાઉ કરવામાં હુકમ કાયમ કરવામાં આવે છે.

**૩.** જયારે અન્ય મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તાઃ૧૨/૩/૨૦૨૨.
અમદાવાદ.

(એમ.વાય.રાધનપુરવાલા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબરઃ ૨, ઘી કાંટા, અમદાવાદ.
યુનીક કોડ નંઃ જીજે.૦૦૭૩૪